# ગુરૂકુળ મહિલા કોલેજમાં યોજાયો કારકીર્દી વિષયક વર્કશોપ

## કારકીર્દી કઈ દિશામાં લઈ જવી? તથા સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા કેમ મેળવવી? તે અંગે અપાયું માર્ગદર્શન

આજકાલ પ્રતિનિધિ
પોરબંદર

પોરબંદરમાં હજારો વિદ્યાર્થીઓનું બૌધ્ધિ ઘડતર કરતી આર્યકન્યા ગુરૂકુળ મહિલા કોલેજ ખાતે કારકીર્દી વિષયક વર્કશોપ યોજવામાં આવતા મોટી સંખ્યામાં છાત્રાઓએ ભાગ લીધો હતો.

ઉચ્ચ શિક્ષણના અતિમહત્વના તબકકા દરમિયાન વિદ્યાર્થીનીઓની કારકીર્દીનું સુઆયોજીત ઘડતર થાય તે માટે સતત પ્રયત્નશીલ ગુરૂકુલ મહિલા કોલેજ, પોરબંદર દ્વારા કારકીર્દીલક્ષી વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. આ વર્કશોપમાં સનસાઈન ગ્રુપ ઓફ ઈન્સ્ટીટયુશન્સના પ્રાધ્યાપક પ્રિયંકભાઈ ગોકાણીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને આજના સ્પર્ધાત્મક યુગમાં પોતાના વ્યકિતત્વને કઈ રીતે



ગુરૂકુળ મહિલા કોલેજમાં વિદ્યાર્થીનીઓ માટે કારકીર્દી ઘડતર વિષયક વર્કશોપ યોજાયો તેની તસ્વીર. (તસ્વીરઃ જીજ્ઞેશ પોપટ)

શ્રેષ્ઠ બનાવવું તે અંગે માર્ગદર્શન આપેલું. તેઓએ એમ.બી.એ., એમ.સી.એ., જેવા કોર્ષની પ્રવેશ પરીક્ષા સી મેટમાં સફળતા મેળવવા માટે કઈ રીતે તૈયારી કરવી, કઈ રીતે ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવા, કેવા પ્રકારની કોલેજની પસંદગી કરવી વિગેરેની વિસ્તૃત માહિતી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આપેલી.

તદુપરાંત તેઓએ વિવિધ સોફટ સ્કીલ્સ અને કોમ્યુનિકેશન સ્કીલ્સ પર પ્રભુત્વ મેળવવાની ટીપ્સ પણ આપેલી. તેઓના મતે આજના સમયમાં વિદ્યાર્થીનીઓએ વિકાસ કરવા માટે કોમ્પ્યુટર શિક્ષણ અને અંગ્રેજી ભાષાનું પ્રાથમિક જ્ઞાન મેળવવું જ પડશે. આ વર્કશોપમાં કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ ડો. જયેશભાઈ ભટ્ટ દ્વારા વિદ્યાર્થીનીઓને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે કટીબધ્ધ થવા આહવાન અપાયેલું અને કારકીર્દી ઘડતરના પ્રત્યેક તબકકે જરૂરી માર્ગદર્શન આપવાની ખાત્રી આપેલી. સમગ્ર કાર્યક્રમનું કોઓર્ડીનેશન પ્રા. ડો. યનનભાઈ ટાંક દ્વારા કરવામાં આવેલું અને શ્રી અરવિંદભાઈ રાવલીયાએ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવેલી. આ વર્કશોપમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ હાજર રહી માર્ગદર્શન મેળવેલું.